# જન્મદિને વધામણી



**આશાબેન સરવૈયા**
કાર્યક્રમ સંયોજક
કલરવ, કલા ગુર્જરી, શિવરંજની સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**શીતલ સતિષજી ઠાકોર**



**સિદ્ધિ સતિષજી ઠાકોર**

## હિમાચલ પ્રદેશમાં આયોજિત
# રાષ્ટ્રકક્ષાના સાહસિક કેમ્પમાં ગુજરાતના તારલા ઝળક્યા







ગાંધીનગર, તા. ૨૩

રાષ્ટ્રીય સેવા યોજના, યુવા મંત્રાલય, ભારત સરકારના ઉપક્રમે હિમાચલ પ્રદેશના નારકંડા ખાતે સાહસિક કેમ્પનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના દસ વિદ્યાર્થીઓ ઉપરાંત મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. હસમુખભાઈ પંચાલની પસંદગી કરવામાં આવી હતી.

આ સાહસિક કેમ્પમાં ગુજરાત યુનિવર્સિટીના ૬ વિદ્યાર્થી - નિરંજબેન, જાનકીબેન, જીંકલબેન, કેતનભાઈ, દિલીપભાઈ, જગદીશભાઈ અને અને ગૂજરાત વિદ્યાપીઠના ૪ વિદ્યાર્થી - દેવેન્દ્ર સોલંકી, કમલ પરમાર, પૂજા નાગર અને કાજલની પસંદગી કરવામાં આવી હતી.

આ દસ વિદ્યાર્થીઓએ તાલીમમાં ૮૦ કિમી જેટલું ટ્રેકિંગ કર્યું હતું. સાથે જ રેપ્લીંગ, ટેન્ટ પ્રેક્ટિસ, જુમ્મરીંગ પ્રેક્ટિસ, રિવર ક્રોસ, રેસ્ક્યુ ટેકનીક, રોક ક્લાઈમ્બિંગ, સેલ્ફ કૂકિંગ તથા કલ્ચરલ પ્રોગ્રામ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. નારકંડાના પ્રોગ્રામ ઈન્સ્ટ્રક્ટર દ્વારા વિદ્યાર્થીઓને માઉન્ટ વોકિંગ, જંગલ ટ્રેકિંગ, ગ્લોબલ વોર્મિંગ, આપત્તિ વ્યવસ્થાપન, ફાયર ફાઈટિંગ-સેફ્ટી, પ્રાથમિક ઉપચાર અને લીડરશીપ જેવા વિષયો પર વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં.

ગુજરાતના આ વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પમાં મહત્ત્વની જવાબદારીઓ પણ સંભાળવામાં આવી હતી. લીડર તરીકે કમલ પરમાર, મેપ રીડીંગ માટે દેવેન્દ્ર સોલંકી, કેતન રંગિયા, ક્વાર્ટર મંત્રી તરીકે દિલીપ ચૌધરી અને છોકરીઓમાં લીડર તરીકે જીંકલ પટેલ તથા પૂજા નાગરે જવાબદારી અદા કરી હતી. આ કેમ્પમાં ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને તેલંગણાના વિદ્યાર્થીઓ પણ ઉત્સાહથી જોડાયા હતા.

## ભવન્સ કલ્ચરલ એકેડેમી અને સૅન્ટર ફૉર આર્ટ્સ દ્વારા
# કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધાનો આજથી પ્રારંભ

### ગાંધીનગરનાં પાંચ નાટકો પ્રસ્તુત થશે : ૨૬મીએ ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ અભિનિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'મને તરસ મૃગજળની' ભજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ભવન્સ કલ્ચરલ એકેડેમી અને સૅન્ટર ફૉર આર્ટ્સ દ્વારા કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં પ્રથમ જ વખત યોજાઈ રહેલી આ નાટ્યસ્પર્ધા માટે ૩૫ જેટલી ટીમોએ નોંધણી કરાવી છે, જે પૈકી ગાંધીનગરની પાંચ ટીમો પણ સામેલ છે. મુંબઈની એક ટીમ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. આ ઉપરાંત ભરુચ, સુરત, વડોદરા, પાલનપુર, જામનગર, અમદાવાદ, વિસનગર, નવસારી અને ભાવનગરનાં નાટકો પણ સ્પર્ધામાં રજૂ થઈ રહ્યાં છે.

ભારતીય વિદ્યા ભવનના જે એ ઓડિટોરિયમ, ખાનપુર, અમદાવાદ ખાતે આ સ્પર્ધાનો પ્રાથમિક રાઉન્ડ તા. ૨૪ સપ્ટેમ્બરથી આરંભાશે, જે તા. ૨૬ સપ્ટેમ્બર સુધી કાયમ રહેશે. પ્રથમ બંને દિવસે ૧૨-૧૨ અને તા. ૨૬ના રોજ ૧૧ નાટકોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

તા. ૨૪ના રોજ ગાંધીનગરના કર્મસિદ્ધિ નાટ્ય ગૃપ દ્વારા ઈરફાન મુંજાવર લિખિત-રાહુલ પુરોહિત દિગ્દર્શિત નાટક દર્દપોરા અને અખ્તર સૈયદ ગૃપ દ્વારા કબીર ઠાકોર લિખિત-અખ્તર સૈયદ દિગ્દર્શિત નાટક કૉર્ટ માર્શલ રજૂ કરવામાં આવશે.

તા. ૨૫ના રોજ ગાંધીનગરના યુ આર વે પ્રોડક્શન નિર્મિત અને ડૉ. પ્રદીપ આઝાદ લિખિત-દિગ્દર્શિત નાટક સ્પંદન આ સ્પર્ધામાં પ્રસ્તુત કરવામાં આવશે.

તા. ૨૬ના રોજ ગાંધીનગરના મૃદંગ મૅનેજમૅન્ટ નિર્મિત, જીગર રાણા લિખિત-દિગ્દર્શિત નાટક રાઈટ ટર્ન અને ગાંધીનગર કલ્ચરલ ફૉરમ નિર્મિત, કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક મને તરસ મૃગજળની આ સ્પર્ધામાં પ્રસ્તુત કરવામાં આવશે. ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ દ્વારા આ નાટકમાં અભિનય આપવામાં આવી રહ્યો છે.

સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ ૨૯મીએ યોજવામાં આવશે.

# એશિયન પેસિફિક એથ્લેટીક્સ ગેઈમ્સમાં હેમા સાગરે ચક્રફેંકમાં ત્રણ મેડલ્સ મેળવ્યા



ગાંધીનગર, તા. ૨૩

મલેશિયામાં પીનાગ ખાતે ૭થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ એશિયન પેસિફિક એથ્લેટીક્સ માસ્ટર ગેઈમ્સ-૨૦૧૮માં ગાંધીનગરનાં મહિલા ખેલાડી અને સ્વૈચ્છિક સંસ્થા સાથે સંકળાયેલાં હેમા સાગરે ચક્રફેંકમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ એમ ત્રણ મેડલ્સ મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

શાળાકાળથી એથ્લેટીક્સમાં રસ ધરાવતાં અને મૂળ નડિયાદનાં વતની હેમા આર સાગરે સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય કક્ષા સુધી એથ્લેટિક્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને ૫૦ જેટલા મેડલ પોતાને નામે કર્યા છે. કોઈની પણ તાલીમ વિના હેમાએ જાતે પોતાની જાતને તૈયાર કરી છે એ પણ વિશેષ વાત છે.

ઉલ્લેખનીય છે કે ૪૫ દેશો વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતના ૧૨ ખેલાડીઓએ ૩૬ મેડલ પ્રાપ્ત કર્યા છે.

# એસ. વી. સ્કૂલમાં 'વેજીટેબલ ડે'ની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'વેજીટેબલ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો વિવિધ પ્રકારના રિયલ શાકભાજી, ચાર્ટસ અને બેનર્સ લઈ, ભીંડાનો મુગટ, વટાણાની ઝાંજર-બ્રેસલેટ, ટીંડોળાનો હાર, રવૈયાની હેરપિન, ગાજર-કાકડીનો કમરપટ્ટો જેવા શણગાર સજીને ઉત્સાહભેર શાળામાં આવ્યાં હતાં. શિક્ષકોએ બાળકોને તમામ શાકભાજી વિષે માહિતી આપી, તેના ફાયદા સમજાવી, શાકભાજી ખાવાની પ્રેરણા આપી હતી, જેથી બાળકોએ 'learn with fun'ની મજા માણી હતી. આ અનોખી ધમાકેદાર ઉજવણીનો તમામ શ્રેય વાલીઓની મહેનત, લગન અને ઉત્સાહને ફાળે જાય છે, જેના માટે પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે વાલીઓનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. અનુભવી શિક્ષક આરતી હાથીએ ખાસ રસ લઈને આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે શનિવારે એની એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વન સ્ટેપ ટુવર્ડ્ઝ સપોર્ટ અભિયાન અંતર્ગત યોગ, પ્રાણાયામ, આસનો અને સ્વચ્છતા અભિયાનની માહિતી પૂરી પાડવામાં આવી હતી. ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ આ ઉપક્રમમાં ઉત્સાહથી જોડાયા હતા.

ટ્રસ્ટના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને વિષયોની માહિતી ઊંડાણપૂર્વક આપવામાં આવી હતી. અંતમાં શાળાના ડિરેક્ટર નટુભાઈ લાડાણી અને આચાર્ય કોકિલાબેન દ્વારા ટ્રસ્ટ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# સ.પ્રા.શાળા, સૅ. ૨૪/૧ ખાતે ૨૬ સપ્ટેમ્બરથી વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૪/૧ ખાતે ૨૬મીથી ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં શાળાના મુખ્ય શિક્ષક વિમ બ્રહ્મભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે શાળા ખાતે તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગાંધીનગર શહેર વિસ્તારની સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓના બાળ વૈજ્ઞાનિકો દ્વારા પોતાની કૃતિઓ રજૂ કરવામાં આવશે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે નોંધણી કરાવવા હેતુ ખાનગી શાળાઓએ સોમવાર, તા. ૨૪મીના રોજ સવારે ૧૧થી બપોરે ૪ કલાક દરમિયાન આ શાળાની મુલાકાત લેવાની રહેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# આર જી પટેલ કન્યા વિદ્યાલય ખાતે ક્વિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

આર જી પટેલ કન્યા વિદ્યાલય ખાતે ઓઝોન ડે નિમિત્તે નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના સહયોગથી વિજ્ઞાન કલબની ૧૦૦ વિદ્યાર્થીનિઓ વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થિનિઓને ઈનામો આપીને નવાજવામાં આવી હતી.

આ પ્રસંગે નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના સંચાલક ડૉ. અનિલભાઈ પટેલે ઓઝોન જે વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. હેમંતભાઈ સુથારે વિડીયો ક્લિપના માધ્યમથી સુંદર પ્રવચન આપ્યું હતું અને વિદ્યાર્થીનિઓને ઓઝોન પડમાં કેવી રીતે નુકસાન થાય છે, તેના બચાવ માટે શું કરી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી.

શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગિતેશભાઈ પટેલ અને શાળાના વિજ્ઞાન શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં કુલ ૧૧૨ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સાથે રાધે સ્વીટ્સ તરફથી મળેલી મીઠાઈ 'ચંદ્રકલા'નું વિતરણ પણ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. ભાટાઈ ગામમાં ૭ લાભાર્થી હતા. બૅન્ક ઑફ બરોડાના ચીફ મૅનેજર રમેશ ઐયર, નિખિલ ભટ્ટ, મિલિંદભાઈ તથા યોગેશભાઈ સંસ્થા વતી આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# સોશિયલ મીડિયા.કોમ

ખખડાવતાં રહીએ દરવાજા એકમેકનાં મનના,
મુલાકાત ન થાય તો કાંઈ નહીં, રણકાર રહેવો જોઈએ.

●

લીંબુપાણી ખાટું થાય તો સાકરથી મીઠું થાય,
પણ મન ખાટાં થાય તો ગમે તેટલી સાકર નાખી મીઠાં ન થાય.

●

એક છાંટો ગેરસમજનો,
આખો લાગણીનો બગીચો બાળી નાખે છે.

●

પ્રયત્ન કર્યા વિના હારી જવા કરતાં
પ્રયત્ન કરીને હારવું વધારે યોગ્ય છે.

●

જ્યારે કોઈનામાં ગુણ જુઓ તો મનને કૅમેરા બનાવી દો અને જ્યારે
કોઈનામાં અવગુણ જુઓ તો મનને દર્પણ બનાવી દો.

●

તમારું સ્મિત તમારો લૉગો છે, તમારું વ્યક્તિત્વ તમારું બિઝનેસ કાર્ડ
છે અને તમારું વર્તન એ તમારો ટ્રેડમાર્ક છે.

●

જીવનમાં વર્ષો આપતાં સંબંધો કરતાં,
વિસામો આપતાં સંબંધો વધુ મહત્ત્વના હોય છે.

●

મોટાઈ એમ જ નથી મળતી,
નાના માણસોને પણ માન આપવું પડે છે.
સાગર પાર કરવો હોય તો ફક્ત નાવને જ નહીં,
હલેસાંનેય મહત્ત્વનું સ્થાન આપવું પડે છે.

●

કારના ટારમાં ને માણસના મનમાં
હવે પ્રમાણસરની જ હોવી જોઈએ
નહીંતર અકસ્માતની પૂરી શક્યતા છે.

●

કડવું સત્ય : સાથ આપવા કોઈ તૈયાર નથી અને સલાહ આપવા કરોડો તૈયાર બેઠાં છે.

●

હીરાપારખુ કરતાં પીડાપારખુનું સ્થાન ઊંચું હોય છે.

●

ફૂલ પ્રગટે છે ત્યારે આપણામાં જે અપ્રગટ હોય છે
તેને પણ પ્રગટ કરે છે.

●

વાંચવું એટલે વિકસવું. જે વાંચે છે તો રોજ કંઈક નવું પામે છે.

●

કડવું સત્ય : સંસારની દરેક સ્ત્રી પોતાના બાળકને શ્રવણ બનાવવા
ઈચ્છે છે, પરંતુ પોતાના પતિને શ્રવણ બનતો નથી જોઈ શકતી.

●

પારખો તો કોઈ પોતાનું નથી,
સમજો તો કોઈ પારકું નથી.

●

તકલીફ હંમેશાં પોતાનાં જ આપે છે,
બાકી પારકાંને શું ખબર કે આપણને તકલીફ શેનાથી થાય છે ?

●

**નક્કી કરો**

સૌ પ્રથમ તો ક્યાં જવું છે, એટલું નક્કી કરો,
બસ પછી નક્કી કર્યું છે, એટલું નક્કી કરો.
આમ તો બેઠા રહીયે તો ય ચાલે જિંદગી,
ક્યાં સુધી આ બેસવું છે, એટલું નક્કી કરો
કોઈની નજદીક આવ્યા છો, પરંતુ આટલા?
તાપવું કે દાઝવું છે, એટલું નક્કી કરો.
આપ-લે હૈયાની છે પણ એમની બે આંખમાં,
કાળજું કે ત્રાજવું છે, એટલું નક્કી કરો.
રોજ વધતી વય શરીરી ધર્મ છે મંજૂર પણ,
મોટા કે ઘરડા થવું છે, એટલું નક્કી કરો.
હર જનમમાં કોણ બીજું આપણી અંદર રહે?
આ વખત એ જાણવું છે એટલું નક્કી કરો.
છે તરાપો, છે હલેસા, ને ભરોસો છે, છતાં,
જળમાં પાણી કેટલું છે, એટલું નક્કી કરો.

**- ગૌરાંગ ઠાકર**

●

**અવતાર**

જ્યારે જ્યારે
પૃથ્વી પર પ્રદૂષણો વધે છે,
ત્યારે ત્યારે
પ્રદૂષણોનો નાશ કરવા,
અને
પ્રકૃતિને નિર્મળ બનાવવા,
નવઅંકુર રૂપે,
અવતરું છું.
પ્રકૃતિનાં મૂળ તત્વોને બચાવવા
અને
પ્રદૂષિત ચીજોનો નાશ કરવા
પર્યાવરણના રક્ષણ માટે,
યુગે યુગે હું,
નવપલ્લવિત વૃક્ષ રૂપે,
અવતાર ધારણ કરું છું.
કારણ કે
હું વૃક્ષમાં બીજ છું
ને
બીજમાં વૃક્ષ છું !

**- નટવર હેડાઉ 'વનવિહારી'**

●

**પોપટીયો**

પોપટીયો પીએચડી થઈ ગયો,
કાચી કેરીનો એણે લખ્યો નિબંધ,
અને પાકી કેરી એ બધી ખઈ ગયો.....પોપટીયો.....
ઊડવાની લ્હાય એણે પડતી મૂકી'તી ને,
કિલકારીઓ મૂકી'તી કોરે,
મરચાંની મોસમમાં રોજ એ તો ડાળખીના,
કેનવાસે કેરીઓને દોરે !
લુંમ્બેજુમ્બ લીંબોળી વચ્ચે રહેનાર એનો,
જીવ સાવ કેરીમય થઈ ગયો.....પોપટીયો.....
બગલાનું પીએચડી માછલીનાં વિષયમાં,
તોય એ તો પોપટનો ગાઈડ,
કોયલનો ટહુકાનો અઘરો નિબંધ એણે,
મૂકી દીધો'તો એક સાઈડ,
પોપટીયે મોકલેલ પાકી કેરીનો
ગજબ સ્વાદ એની જીભ પર રહી ગયો.....પોપટીયો.....
પદવીદાન ભાષણમાં બગલો ક્હે'કે,
આવા વિષયમાં ઉંડાણ જોઈએ,
કોયલનાં નિબંધમાં ખુટતું'તું શું,
એવું પૂછવાનું મને નહીં કોઈએ,
પોપટની અદભુત આ દ્રષ્ટીને કારણે,
એક ગહન વિષય સહેલો થઈ ગયો.....પોપટીયો.....

**- ડો. આઈ. કે. વીજળીવાળા**